| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૯૫૫૧ | | એફોર્ડેબલ હાઉસીગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ઘાસ્તીપુરા, સુરત–૩. |


**<u>અપીલ અરજી નં. ૦૧/૨૨–૨૩</u>**

**અરજદાર :** શ્રી જગદિશભાઈ ચંદુભાઈ સોલંકી

**સામાવાળા :** સેકશન ઓફીસર ( એફોર્ડેબલ હાઉસીગ સેલ ) અને જાહેર માહિતી અધિકારી.

**<u>ફરીયાદની હકીકત :–</u>**

**વિષયઃ**– અરજદાર શ્રી જગદિશભાઈ ચંદુભાઈ સોલંકીની તા.૦૧/૦૪/૨૦૨૨ની અરજી આઈ.ડી. નં.૦૪ ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ**–અરજદાર મજકુરની તા. ૨૮/૦૪/૨૦૨૨ની અપીલ અરજી નં.**No.SMC/AFO/FAP/01/22-23.**

અરજદાર શ્રી જગદિશભાઈ ચંદુભાઈ સોલંકીએ તા.૦૧/૦૪/૨૦૨૨ના રોજ કરેલ આઈ.ડી.નં.૦૪ (નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન) થી મુદ્દા નં.૧ થી માહિતી માંગેલ. જે માહિતી સંદર્ભે નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન ધ્વારા એફોર્ડેબલ હાઉસીગ સેલને તબદીલ કરવામાં આવેલ. જે અત્રેના ખાતાને તા.૧૨/૦૪/૨૦૨૨ ના રોજ મળેલ. જે માહિતી સંદર્ભે એફોર્ડેબલ હાઉસીગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીગ સેલ) દ્વારા લાગત માહિતી માટે પત્ર નં એફો.હા.સેલ/૬૬ તા.૧૬/૦૪/૨૦૨૨ થી નીચે મુજબ નમુના–ગ થી માહિતી/પુર્તતા પુરી પાડવામાં આવેલ છે.

| | |
|---|---|
| મુદ્દા નં.૧ | રમેશભાઈ ચંદુભાઈ સોલંકી નાઓએ (પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત) એ/૪૦૪, સુમન મંગલ,કોઝવે સિંગણપોર રોડ, સુરત વાળી મિલકત મેળવવા અર્થે રજુ કરેલ તમામ દસ્તાવેજી પુરાવાઓની સર્ટીફાઈડ નકલ આપશોજી. |
| પુર્તતા | આપના દ્વારા માંગવામાં આવેલ ઉપરોકત માહિતી સંદર્ભે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત શ્રી રમેશભાઈ ચંદુભાઈ સોલંકી નાઓ ધ્વારા અરજી ફોર્મ સાથે કેન્સલચેક, આધારકાર્ડ, પાનકાર્ડ, વોટર આઈ.ડી.કાર્ડ ,સ્કુલ લીવીગ સર્ટીફીકેટ, રેશનકાર્ડ, બેંક પાસબુકની ઝેરોક્ષ, બેંક સ્ટેટમેન્ટ, આવકનુ પ્રમાણપત્ર, જાતિ પ્રમાણપત્ર, લાઈટબીલ, વેરાબીલ રસીદ, ભાડાકરાર જેવા આધાર પુરાવાઓ ધ્યાને લઈ કોમ્પ્યુટરાઈઝડ ડ્રો ધ્વારા ફલેટ નંબર EWS-11/A-404 ફાળવવામા આવેલ છે. શ્રી રમેશભાઈ ચંદુભાઈ સોલંકી નાઓને "કન્વેયન્સ ડીડ" (દસ્તાવેજ) કરી કબજાની સોંપણી કરવામાં આવેલ છે.<br><br>આપના દ્વારા માંગવામાં આવેલ શ્રી રમેશભાઈ ચંદુભાઈ સોલંકી નાઓ ધ્વારા ભરવામાં આવેલ ફોર્મ માં તેઓનો તથા સાક્ષીનો મોબાઈલ નંબર, તેઓની બેંક ડીટેઈલ તેમજ ફોર્મ સાથે રજુ કરેલ કેન્સલચેક, આધારકાર્ડ, પાનકાર્ડ, વોટર આઈ.ડી.કાર્ડ ,સ્કુલ લીવીગ સર્ટીફીકેટ, રેશનકાર્ડ, બેંક પાસબુકની ઝેરોક્ષ, બેંક સ્ટેટમેન્ટ, આવકનુ પ્રમાણપત્ર, જાતિ પ્રમાણપત્ર, લાઈટબીલ, વેરાબીલ રસીદ, ભાડાકરાર તેમજ સુરત મહાનગરપાલિકા ધ્વારા કરી આપવામાં આવેલ"કન્વેયન્સ ડીડ" (દસ્તાવેજ),અરજી ફોર્મ તથા અરજી ફોર્મ સાથે રજુ કરેલ પુરાવાઓની માહિતીની નકલ ત્રાહિતને લગતી અંગત માહિતી હોય આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ઠ) મુજબ આપને પુરી પાડવા જોગ જણાતી નથી. |

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૯૫૫૧ | | એફોર્ડેબલ હાઉસીગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ઘાસ્તીપુરા, સુરત–૩. |


ઉપરોકત મુજબની પૂરી પાડવામાં આવેલ માહિતી સંદર્ભે અરજદાર દ્વારા અપીલ તબકકે આપેલ ફરીયાદ અરજી પર મુળ અરજીથી માંગવામાં આવેલ માહીતી સંદર્ભે અપીલ માટેનું કારણ ઉપરોકત દસ્તાવેજી પુરાવાની સર્ટીફાઈડ નકલ મેળવવાના કામે તેમ જણાવી પ્રથમ અપીલ દાખલ કરેલ છે.

પ્રથમ અપીલ કરી દાદ માંગેલ છે. જે લાગત રજુઆત બાબતે ખાતાકીય પૂર્તતા દર્શાવ્યા મુજબ છે.

| **અપીલ તબકકે અરજદારની રજુઆત** | **અત્રેના ખાતાને લાગત મુદ્દાની ખાતાકીય પૂર્તતા** |
|---|---|
| પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મકાન મેળવવા રમેશભાઈ ચંદુભાઈ સોલંકીએ રજુ કરેલ દસ્તાવેની પુરાવાની સર્ટીફાઈડ નકલ.<br><br>ઉપરોકત દસ્તાવેજી પુરાવાની સર્ટીફાઈડ નકલ મેળવવાના કામે. | અરજદારે તેઓની મુળ અરજી તા.૦૧/૦૪/૨૦૨૨ના રોજ કરેલ આઈ.ડી.નં.૦૪(નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન) થી મુદ્દા નં.૧ ની માહિતી માંગેલ. જે અન્વયે જા.મા.અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (એફોર્ડેબલ હાઉસીગ સેલ) ધ્વારા પત્ર નં.એફો.હા.સેલ/૬૬, તા.૧૬/૦૪/૨૦૨૧ થી નમુનો–ગ મુજબ ની માહિતીની નકલ /પુર્તતા પુરી પાડવામાં આવેલ છે.<br>મુદ્દા નં. ૧ થી માંગવામાં આવેલ માહિતી સંદર્ભે આપના દ્વારા માંગવામાં આવેલ શ્રી રમેશભાઈ ચંદુભાઈ સોલંકી નાઓ ધ્વારા ભરવામાં આવેલ ફોર્મ માં તેઓનો તથા સાક્ષીનો મોબાઈલ નંબર, તેઓની બેંક ડીટેઈલ તેમજ ફોર્મ સાથે રજુ કરેલ કેન્સલચેક, આધારકાર્ડ, પાનકાર્ડ, વોટર આઈ.ડી.કાર્ડ ,સ્કુલ લીવીગ સર્ટીફીકેટ, રેશનકાર્ડ, બેંક પાસબુકની ઝેરોક્ષ, બેંક સ્ટેટમેન્ટ, આવકનુ પ્રમાણપત્ર, જાતિ પ્રમાણપત્ર, લાઈટબીલ, વેરાબીલ રસીદ, ભાડાકરાર તેમજ સુરત મહાનગરપાલિકા ધ્વારા કરી આપવામાં આવેલ"કન્વેયન્સ ડીડ" (દસ્તાવેજ),અરજી ફોર્મ તથા અરજી ફોર્મ સાથે રજુ કરેલ પુરાવાઓની માહિતીની નકલ ત્રાહિતને લગતી અંગત માહિતી હોય આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ઠ) મુજબ આપને પુરી પાડવા જોગ જણાતી નથી. તેમ જણાવવામાં આવેલ. |

**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ઘ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી જગદિશભાઈ ચંદુભાઈ સોલંકી ની તા.૦૧/૦૪/૨૦૨૨ની અરજી આઈ.ડી. નં.૦૪ થી માંગેલ માહિતી પરત્વે પ્રથમ અપીલ અરજીની વિગત ઘ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરના પત્ર નં. એફો.હા.સેલ/આ.નં.૬૬ તા.૧૬/૦૪/૨૦૨૨ ના રોજ નમુનો–ગ થી અત્રેના ઉપલબ્ધ રેકર્ડ ઘ્યાને લઈ માહિતી/પુર્તતા આપવામાં આવેલ જે પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને નિયમાનુંસારની જણાતી હોય, આમ, અપીલ અંગે વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોય તે દફતરે કરી નિકાલ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

એફો.હા.સેલ. આ.નં./૩૪૭
તા.૩૦/૦૫/૨૦૨૨

**(ડી. વી. દલાલ)**
**એપેલેટ અધિકારી અને**
**પર્સોનેલ ઓફીસર,**
**એફોર્ડેબલ હાઉસીગ સેલ**

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફો.હા.સેલ) પ્રતિ...... જાણ માટે.
**નકલ રવાનાઃ** શ્રી જગદિશભાઈ ચંદુભાઈ સોલંકી.......પ્રતિ.... જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૯૫૫૧ | બહુજનહિતાય બહુજનસુખાય | એફોર્ડેબલ હાઉસીગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ઘાસ્તીપુરા, સુરત–૩. |

**અપીલ અરજી નં. ૦૨/૨૨–૨૩**

**અરજદાર :** શ્રી વેંકન્ના સૌમૈયા વેમુલા

**સામાવાળા :** સેકશન ઓફીસર ( એફોર્ડેબલ હાઉસીગ સેલ ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ**– અરજદાર શ્રી વેંકન્ના સૌમૈયા વેમુલાની તા.૦૨/૦૭/૨૦૨૨ની અરજી આઈ.ડી. નં.૧૮ ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ**–અરજદાર મજકુરની તા. ૨૦/૦૭/૨૦૨૨ની અપીલ અરજી નં.**No.SMC/AFO/FAP/02/22-23.**

અરજદાર શ્રી વેંકન્ના સૌમૈયા વેમુલાનીએ તા.૦૨/૦૭/૨૦૨૨ના રોજ કરેલ આઈ.ડી.નં.૧૮ (એફોર્ડેબલ હાઉસીગ સેલ) થી મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગેલ. જે માહિતી સંદર્ભે એફોર્ડેબલ હાઉસીગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીગ સેલ) દ્વારા લાગત માહિતી માટે પત્ર નં એફો.હા.સેલ/૬૮૫ તા.૧૯/૦૭/૨૦૨૨ થી નીચે મુજબ નમુના–ગ થી માહિતી/પુર્તતા પુરી પાડવામાં આવેલ છે.

| | |
|---|---|
| મુદ્દા નં.૧ | આપ સાહેબ કચેરી ધ્વારા ગોડદરા વિસ્તારમાં આવેલ SUMAN SHURTI BUILDING NO-B FLAT NO - 401 મિલકત ધારવનાર સુલોચનાબેન વેંકન્ના કોમટીના ઓ ધ્વારા આપ સાહેબ કચેરી મિલકત અંગે અરજી કરેલ જે તે સમયે રજુ કરેલા તામામ દસ્તાવેજોનું સર્ટીફઈડ નાકલો આપશેજી. |
| પુર્તતા | આપના ધ્વારા માંગવામાં આવેલ ઉપરોકત માહિતી સંદર્ભે મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત અંતર્ગત EWS-7/B-401 'સુમન શ્રુતિ' માં સ્ત્રી અરજદાર સુલોચના વેંકન્ના કોમતીને કોમ્પ્યુટરાઈઝડ ડ્રો ધ્વારા આવાસ ફાળવવામાં આવેલ. સદર લાભાર્થીએ આવાસ મેળવવા કરવામાં આવેલ અરજી સાથે તે સમયે રજુ કરવામાં આવેલ પુરાવાઓ જે વિશ્વસનીય સંબંધોને આધારે અત્રેની કચેરીને આવાસ મેળવવાના હેતુસર ઉપલબ્ધ કરાવવામાં આવેલ હોય જે અંગેનો રેકર્ડ ખાતામાં ઉપલબ્ધ હોય તો પણ માંગ્યા મુજબની માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ઠ) મુજબ ત્રાહિત વ્યકિત/પક્ષકારને આપી શકાય નહી કે આપવુ હિતાવહ જણાતુ નથી. જે ઘ્યાને લઈ લાભાર્થીને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી દ્વારા એફો.હા.સેલ આ.નં.૬૩૯ તા.૧૨/૦૭/૨૦૨૨ થી આર.ટી.આઈ. એકટ ૨૦૦૫ ની કલમ–૧૧(૧) હેઠળ પત્ર પાઠવવામાં આવેલ. જે અન્વયે તેમના દ્વારા અરજી તથા તેમની સાથે આવાસ મેળવવા રજુ કરેલ તામામ પુરાવાઓ મારી અંગત માહિતી હોય કોઈપણ ત્રાહિત પક્ષકાર કે અરજદારને માહિતી આપવી નહી તેમ જણાવવામાં આવેલ છે. જે ઘ્યાને લઈ આપના દ્વારા માંગવામાં આવેલ ઉપરોકત માહિતી આર.ટી.આઈ. એકટ ૨૦૦૫ ની કલમ ૮(૧)(ઠ) તેમજ ૧૧(૧) હેઠળ પુરી પાડવા જોગ જણાતી નથી. |
| મુદ્દા નં.૨ | આપ સાહેબ કચેરી ધ્વારા જે વ્યકિત પોતાનું ખાનગી મિલકત ધારવતું હોય તે વ્યકિત EWS AWAS યોજનાનું લાભ લેય સીકે છે કે નહિ તે અંગેનું વિગત આપશોજી. |
| મુદ્દા નં.૩ | આપ સાહેબ કચેરી ધ્વારા જે વ્યકિત પોતાનું ખાનગી મિલકત ધારવતું હોય તાથા EWS યોજના લાભ લેવા માટે FROAD DOCUMENT ઉભા કરીને લાભ લિધેલ હોય તે વ્યકિત વિરૂઘ્ધમાં જાગૃત નાગરિકો ધ્વારા ફરિયાદ કારવા મા આવે ત્યારે આપ સાહેબ કચેરી ધ્વારા જે કાર્યવાહી કારવા હોય તે કાર્યવાહી આંગે વિગત આપશેજી. |
| પુર્તતા ૨,૩ | આપના ધ્વારા માંગવામાં આવેલ ઉપરોકત માહિતી સંદર્ભે મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત અંતર્ગત સુરત મહાનગરપાલિકાના સ્થાયી સમિતિના તા.૧૭/૦૭/૨૦૧૫ ઠરાવ નં.૧૮૩૨/૨૦૧૫ તથા તેમાં થયેલ સુધારા બાબતે સુરત મહાનગરપાલિકાના સ્થાયી સમિતિના તા.૦૬/૦૭/૨૦૧૭ ઠરાવ નં.૯૦૪/૨૦૧૭ની નકલ આ સાથે સામેલ છે. જેમાંથી આપ માંગેલ માહિતીનો સંદર્ભ મેળવી શકો છો. |

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૯૫૫૧ | | એફોર્ડેબલ હાઉસીગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ઘાસ્તીપુરા, સુરત–૩. |

ઉપરોક્ત મુજબની પૂરી પાડવામાં આવેલ માહિતી સંદર્ભે અરજદાર દ્વારા અપીલ તબકકે આપેલ ફરીયાદ અરજી ૫ર મુળ અરજીથી માંગવામાં આવેલ માહીતી સંદર્ભે અપીલ માટેનું આપેલ ફરીયાદ અરજી ૫ર મુળ અરજીથી માંગવામાં આવેલ માહીતી સંદર્ભે સંતોષકારક જવાબ પાઠવેલ નથી. જણાવી પ્રથમ અપીલ દાખલ કરેલ છે.

પ્રથમ અપીલ કરી દાદ માંગેલ છે. જે લાગત રજુઆત બાબતે ખાતાકીય પૂર્તતા દર્શાવ્યા મુજબ છે.

| **અપીલ તબકકે અરજદારની રજુઆત** | **લાગત મુદ્દાની ખાતાકીય પૂર્તતા** |
|---|---|
| આર.ટી.આઈ અધિનિયમ અરજદાર ધ્વારા ત્રાહિત પક્ષની માહિતી માંગવામાં આવેલ જે માહિતી અનુસંધાને સામેવાળા પાસે Section 11/1 મુજબની જવાબ લીધેલ તથા આપ સાહેબ કચેરી ધ્વારા જે કોઈ નોટીસ પાઠવેલ હોય જે નિયમ અનુસાર અરજદાર પુરી પાડેલ નથી જેથી જે કંઈ કાર્યવાહી કરેલ હોય તે તમામ નકલો અમો અરજદારને પૂરી પાડવા વિનંતી છે કે આપેલ સુનવણી કરીને વિના મુલ્યે પૂરી પાડશોજી. | અરજદારે તેઓની મુળ અરજી તા.૦૨/૦૭/૨૦૨૨ના રોજ કરેલ આઈ.ડી.નં.૧૮ (એફોર્ડેબલ હાઉસીગ સેલ) થી મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગેલ. જે અન્વયે જા.મા.અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (એફોર્ડેબલ હાઉસીગ સેલ) ધ્વારા ૫ત્ર નં.એફો.હા.સેલ/૬૮૫, તા.૧૯/૦૭/૨૦૨૨ થી નમુનો–ગ મુજબ ની માહિતીની નકલ /પુર્તતા પુરી પાડવામાં આવેલ છે.<br>અરજદારને પૂરી પાડવામાં આવેલ માહિતીના આધારે અરજદાર ધ્વારા અપીલ તબકકે મૂળ અરજીથી વિપરીત અલાયદા પૂરક પશ્ન ઉપસ્થિત કરવામાં આવેલ છે જે ગ્રાહય રાખી શકાય તેમ નથી. વધુમાં અલાયદા પૂરક પ્રશ્ન અંગે આર.ટી.આઈ એકટની જોગવાઈઓ કે નિયમ મુજબ આલયદી અરજી કરી માહિતી મેળવવા અરજદાર સ્વતંત્ર છે.<br>મુદ્દા નં. ૧ થી માંગવામાં આવેલ માહિતી સંદર્ભે આપના દ્વારા માંગવામાં આવેલ સુલોચનાબેન વેંકન્ના કોમટીના ઓ ધ્વારા આવાસ મેળવવા કરવામાં આવેલ અરજી સાથે તે સમયે રજુ કરવામાં આવેલ વોટર આઈ.ડી.કાર્ડ, આધારકાર્ડ, પાનકાર્ડ, કેન્સલચેક, બેંક પાસબુકની ઝેરોક્ષ, આવકનુ પ્રમાણપત્ર, ભાડાકરાર, લાઈટબીલ, વેરાબીલ રસીદ, વેરા રસીદ જેવા પુરાવાઓ જે વિશ્વસનીય સંબંધોને આધારે અત્રેની કચેરીને આવાસ મેળવવાના હેતુસર ઉપલબ્ધ કરાવવામાં આવેલ હોય. જે અંગેનો રેકર્ડ ખાતામાં ઉપલબ્ધ હોય તો પણ માહિતી માંગ્યા મુજબની માહિતીને જાહેર ગતિવિધિ અથવા જાહેર હિત સાથે કોઈપણ પ્રકારનો સંબધ હોવાનું જણાતુ ન હોય, તેમજ આવી માહિતી આપવાથી સંબધીતના વ્યકતિગત/અંગત જીવનમાં અનધિકૃત દખલ ઉભી થવાની શકયતા રહેલી હોય આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ઠ) મુજબ ત્રાહિત વ્યકિત/પક્ષકારને આપી શકાય નહી કે આપવુ હિતાવહ જણાતુ નથી. તેમજ આર.ટી.આઈ. એકટ ૨૦૦૫ ની કલમ–૧૧(૧) હેઠળ ૫ત્ર પાઠવવામાં આવેલ. જે અન્વયે સુલોચના વેંકન્ના કોમતી દ્વારા અરજી તથા તેમની સાથે આવાસ મેળવવા રજુ કરેલ તામામ પુરાવાઓ મારી અંગત માહિતી હોય કોઈપણ ત્રાહિત પક્ષકાર કે અરજદારને માહિતી આપવી નહી તેમ જણાવવામાં આવેલ છે. જે ધ્યાને લઈ આપના દ્વારા માંગવામાં આવેલ ઉપરોકત માહિતી આર.ટી.આઈ. એકટ ૨૦૦૫ ની કલમ ૮(૧)(ઠ) તેમજ ૧૧(૧) હેઠળ પુરી પાડવા જોગ જણાતી નથી. તેમ જણાવવામાં આવેલ.<br>મુદ્દા નં. ૧,૨ થી માંગવામાં આવેલ ઉપરોકત માહિતી સંદર્ભે મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત અંતર્ગત સુરત મહાનગરપાલિકાના સ્થાયી સમિતિના તા.૧૭/૦૭/૨૦૧૫ ઠરાવ નં.૧૮૩૨/૨૦૧૫ તથા તેમાં થયેલ સુધારા બાબતે સુરત મહાનગરપાલિકાના સ્થાયી સમિતિના તા.૦૬/૦૭/૨૦૧૭ ઠરાવ નં.૯૦૪/૨૦૧૭ની નકલ આ સાથે સામેલ છે. જેમાંથી આપ માંગેલ માહિતીનો સંદર્ભ મેળવી શકો છો. તેમ જણાવવામાં આવેલ. |

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૯૫૫૧ | | એફોર્ડેબલ હાઉસીગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ધાસ્તીપુરા, સુરત–૩. |

**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી વેંકન્ના સૌમૈયા વેમુલાની તા.૦૨/૦૭/૨૦૨૨ની અરજી આઈ.ડી. નં.૧૮ થી માંગેલ માહિતી પરત્વે અરજીની વિગત ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરના પત્ર નં. એફો.હા.સેલ/આ.નં.૬૮૫, તા.૧૯/૦૭/૨૦૨૨ ના રોજ નમુનો–ગ થી અત્રેના ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લઈ માહિતી/પુર્તતા આપવામાં આવેલ જે આર.ટી.આઈ. એકટ ૨૦૦૫ ની કલમ ૮ (૧) (ઠ) તથા કલમ ૧૧ હેઠળ યોગ્ય અને નિયમાનુંસારની જણાતી હોય,વધુમાં અરજદારની ધ્વારા અપીલ તબકકે મૂળ અરજીથી વિપરીત અલાયદા પૂરક પશ્ન ઉપસ્થિત કરવામાં આવેલ છે જે ગ્રાહય રાખી શકાય તેમ નથી. અપીલ તબકકેના અલાયદા પૂરક પ્રશ્ન અંગે આર.ટી.આઈ એકટની જોગવાઈઓ કે નિયમ મુજબ આલયદી અરજી કરી માહિતી મેળવવા અરજદાર સ્વતંત્ર છે. વધુમા અપીલ તબકકેની રજુઆતમાં જણાવેલ માંગવામાં આવેલ કોઈ પણ માહિતી પુરી પાડવાની કે કાર્યવાહી કરવાનું જરુરી જણાતુ નહી હોય, જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરના પત્ર નં. એફો.હા.સેલ/આ.નં.૬૮૫ તા.૧૯/૦૭/૨૦૨૨ ના રોજ નમુનો–ગ થી અત્રેના ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લઈ માહિતી/પુર્તતા આપવામાં આવેલ જે પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને નિયમાનુંસારની જણાતી હોય, આમ, અપીલ અંગે વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોય તે દફતરે કરી નિકાલ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

એફો.હા.સેલ. આ.નં./૭૯૨
તા. ૦૫/૦૮/૨૦૨૨

**(ડી. વી. દલાલ)**
**એપેલેટ અધિકારી અને**
**પર્સોનેલ ઓફીસર,**
**એફોર્ડેબલ હાઉસીંગ સેલ**

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફો.હા.સેલ) પ્રતિ...... જાણ માટે.
**નકલ રવાનાઃ** શ્રી વેંકન્ના સૌમૈયા વેમુલા.......પ્રતિ.... જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૯૫૫૧ | | એફોર્ડેબલ હાઉસીગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ધાસ્તીપુરા, સુરત–૩. |

**અપીલ અરજી નં. ૦૩/૨૨–૨૩**

**અરજદાર :** શ્રી દિપક પટેલ

**સામાવાળા :** સેકશન ઓફીસર ( એફોર્ડેબલ હાઉસીગ સેલ ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદાર શ્રી દિપક પટેલની તા.૨૪/૦૬/૨૦૨૨ની અરજી આઈ.ડી. નં.૪૩૪ ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ**–અરજદાર મજકુરની તા. ૦૧/૦૮/૨૦૨૨ની અપીલ અરજી નં.**No.SMC/AFO/FAP/03/22-23.**

અરજદાર શ્રી દિપક પટેલ તા.૨૪/૦૬/૨૦૨૨ના રોજ કરેલ આઈ.ડી.નં.૪૩૪ (નાગરિક સુવિધા કેન્દ્ર, ઉધના ઝોન) થી માહિતી માંગેલ. જે માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર સાઉથઝોન (ઉધના) તમામ ઝોન/ખાતાને તબદીલ કરવામાં આવેલ. જે અત્રેના ખાતાને તા.૦૧/૦૭/૨૦૨૨ ના રોજ મળેલ. જે માહિતી સંદર્ભે એફોર્ડેબલ હાઉસીગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીગ સેલ) દ્વારા માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ માહિતી/દસ્તાવેજો આપવા માટેની વિનંતી કરતી આઈ.ડી.નં.૪૩૪ (નાગરીક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન) તા.૨૪/૦૬/૨૦૨૨ ની અરજીના અનુસંધાનમાં માગેલ માહિતી પૈકી અત્રેના ખાતાને લાગત માહિતી માટે પત્ર નં એફો.હા.સેલ/૬૩૭ તા.૧૨/૦૭/૨૦૨૨ થી નીચે મુજબ નમુના–ગ થી માહિતી/પુર્તતા પુરી પાડવામાં આવેલ છે.

| | |
|---|---|
| મુદ્દા નં.૧૦ આંશિક | આપશ્રીની કચેરીના માહિતી અધિકારીશ્રી, પ્રથમ અપીલ અધિકારીશ્રીનાં નામ–હોદ્દા, સરનામાં, ફોન નંબર, ઈ–મેઈલ નંબરની માહિતી RTI CELL. એકાઉન્ટ નામ, એકાઉન્ટ નંબરની માહિતી આપશો. |
| પુર્તતા આંશિક | આપના ધ્વારા માંગવામાં આવેલ ઉપરોકત માહિતી સંદર્ભે આર.ટી.આઈ એક્ટ–૨૦૦૫ હેઠળ એફોર્ડેબલ હાઉસીગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર તરીકે શ્રી દિપકભાઈ કે.પટેલ (વહીવટી), જાહેર માહિતી અધિકારી અને આસી.એકાઉન્ટન્ટશ્રી પ્રજ્ઞેશ એન. ચૌધરી (હીસાબી) તથા પ્રથમ અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી ધર્મેન્દ્ર વી. દલાલ છે. સરનામુંઃ– એફોર્ડેબલ હાઉસીગ સેલ, વરીયાવી બજાર પોલીસ ચોકીની સામેની ગલી, ધાસ્તીપુરા, સુરત.ફોન નં ૦૨૬૧–૨૪૨૯૫૫૧ તથા ઈ–મેઈલ નં. ahcsmc@gmail.com છે જે જાણશો. |

ઉપરોકત મુજબની પૂરી પાડવામાં આવેલ માહિતી સંદર્ભે અરજદાર દ્વારા અપીલ તબકકે આપેલ ફરીયાદ અરજી પર મુળ અરજીથી માંગવામાં આવેલ માહીતી સંદર્ભે કોઈ જ માહિતી આપી નથી અને RTI ACT મુજબ માહિતી આપી નથી. નકારી ઈન્કાર કર્યો નથી. RCPS ACT બાબતે કોઈ જ જાણકારી આપી નથી. તેમ જણાવી પ્રથમ અપીલ દાખલ કરેલ છે.

પ્રથમ અપીલ કરી દાદ માંગેલ છે. જે લાગત રજુઆત બાબતે ખાતાકીય પૂર્તતા દર્શાવ્યા મુજબ છે.

| **અપીલ તબકકે અરજદારની રજુઆત** | **લાગત મુદ્દાની ખાતાકીય પૂર્તતા** |
|---|---|
| કોઈ જ માહિતી આપી નથી અને પ્રથમ અપીલ કરવાની ફરજ પાડી છે. RTI ACT મુજબ માહિતી આપી નથી. નકારી ઈન્કાર કર્યો નથી. RCPS ACT બાબતે કોઈ જ જાણકારી આપી નથી. | અરજદારે તેઓની મુળ અરજી તા.૨૪/૦૬/૨૦૨૨ના રોજ કરેલ આઈ.ડી.નં.૪૩૪ (ઉધના ઝોન) થી માહિતી માંગેલ. જે માંગેલ માહિતી સંદર્ભે RCPS ACT-2013 સંબંધીત મુદ્દા નં.૧ થી ૯ ની માહીતી તેમજ મુદ્દા નં.૧૦ ની RTI CELL. એકાઉન્ટ નામ, એકાઉન્ટ નંબરની માહિતી અત્રેના વિભાગને લાગુ પડતી નથી જે ધ્યાને લઈ એફોર્ડેબલ હાઉસીગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીગ સેલ) દ્વારા માંગેલ માહિતી માટે માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ માહિતી/દસ્તાવેજો આપવા માટેની વિનંતી કરતી આઈ.ડી.નં.૪૩૪ (નાગરીક સુવિધા કેન્દ્ર, ઉધના ઝોન) તા.૨૪/૦૬/૨૦૨૨ ની અરજીના અનુસંધાનમાં માગેલ માહિતી પૈકી અત્રેના ખાતાને લાગત માહિતીની વિગત નીચે મુજબ છે. તેમ જણાવી પત્ર નં એફો.હા.સેલ/૬૩૭ તા.૧૨/૦૭/૨૦૨૨ મુજબ નમુના–ગ થી અરજીના અનુસંધાનમાં માગેલ માહિતી પૈકી અત્રેના ખાતાને લાગત માહિતી/પુર્તતા પુરી પાડવામાં આવેલ છે. |

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૯૫૫૧ | | એફોર્ડેબલ હાઉસીગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ઘાસ્તીપુરા, સુરત–૩. |

**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી દિપક પટેલની તા.૨૪/૦૬/૨૦૨૨ની અરજી આઈ.ડી. નં.૪૩૪ થી માંગેલ માહિતી પરત્વે પ્રથમ અપીલ અરજીની વિગત ધ્યાને લેતા માંગેલ માહિતી સંદર્ભે RCPS ACT-2013 સંબંધીત મુદ્દા નં.૧ થી ૯ ની માહીતી તેમજ મુદ્દા નં.૧૦ ની RTI CELL. એકાઉન્ટ નામ, એકાઉન્ટ નંબરની માહિતી અત્રેના વિભાગને લાગુ પડતી નથી. અત્રેના વિભાગ ધ્વારા રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોય, માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ તેવી રેકર્ડ સિવાયની માહિતી પૂરી પાડવાની જોગવાઈ નથી. જે ધ્યાને લઈ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીગ સેલ) દ્વારા માંગેલ માહિતી માટે માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ માહિતી/દસ્તાવેજો આપવા માટેની વિનંતી કરતી આઈ.ડી.નં.૪૩૪ (નાગરીક સુવિધા કેન્દ્ર, ઉધના ઝોન) તા.૨૪/૦૬/૨૦૨૨ ની અરજીના અનુસંધાનમાં માગેલ માહિતી પૈકી અત્રેના ખાતાને લાગત માહિતીની વિગત નીચે મુજબ છે. તેમ જણાવી પત્ર નં એફો.હા.સેલ/૬૩૭ તા.૧૨/૦૭/૨૦૨૨ મુજબ નમુના–ગ થી અરજીના અનુસંધાનમાં માગેલ માહિતી પૈકી અત્રેના ખાતાને લાગત માહિતી/પુર્તતા પુરી પાડવામાં આવેલ, જે માહિતી/પુર્તતા યોગ્ય અને નિયમાનુંસારની જણાતી હોય, જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરના પત્ર નં એફો.હા.સેલ/૬૩૭ તા.૧૨/૦૭/૨૦૨૨ મુજબ નમુના–ગ થી અત્રેના ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લઈ માહિતી/પુર્તતા આપવામાં આવેલ જે પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને નિયમાનુંસારની જણાતી હોય, અપીલ તબકકેની રજુઆતમાં જણાવેલ માંગવામાં આવેલ કોઈ પણ માહિતી પુરી પાડવાની કે કાર્યવાહી કરવાનું જરુરી જણાતુ નહી હોય આમ, અપીલ અંગે વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોય તે દફતરે કરી નિકાલ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

એફો.હા.સેલ. આ.નં./૮૮૦
તા.૨૪/૦૮/૨૦૨૨

**(ડી. વી. દલાલ)**
**એપેલેટ અધિકારી અને**
**પર્સોનેલ ઓફીસર,**
**એફોર્ડેબલ હાઉસીંગ સેલ**

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફો.હા.સેલ) પ્રતિ…… જાણ માટે.
**નકલ રવાના:** નોડલ ઓફિસરશ્રી (આર.ટી.આઈ.સેલ) પ્રતિ…. જાણ માટે.
**નકલ રવાના:** શ્રી દિપક પટેલ…….પ્રતિ…. જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૯૫૫૧ | | એફોર્ડેબલ હાઉસીંગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીંગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ધાસ્તીપુરા, સુરત–૩. |

**<u>અપીલ અરજી નં. ૦૪/૨૨–૨૩</u>**

**અરજદાર :** શ્રી જસવંતસિંહ એ. બ્રહ્મભટ્ટ

**સામાવાળા :** સેકશન ઓફીસર ( એફોર્ડેબલ હાઉસીંગ સેલ ) અને જાહેર માહિતી અધિકારી.

**<u>ફરીયાદની હકીકત :–</u>**

**વિષયઃ**– અરજદાર શ્રી જસવંતસિંહ એ. બ્રહ્મભટ્ટની તા.૨૫/૦૮/૨૦૨૨ની અરજી આઈ.ડી. નં.૧૨૦૬ ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ**– અરજદાર મજકુરની તા. ૩૦/૦૯/૨૦૨૨ની અપીલ અરજી નં.**No.SMC/AFO/FAP/04/22-23.**

અરજદાર શ્રી જસવંતસિંહ એ. બ્રહ્મભટ્ટે તા.૨૫/૦૮/૨૦૨૨ના રોજ કરેલ આઈ.ડી.નં.૧૨૦૬ (નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન)થી મુદા નં ૧ થી ૭ ની માહિતી માંગેલ. જે માહિતી સંદર્ભે એફોર્ડેબલ હાઉસીંગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) દ્વારા પત્ર નં એફો.હા.સેલ/૯૪૦ તા.૦૨/૦૯/૨૦૨૨ થી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી ડિપાર્ટમેન્ટ ઓફ એફોર્ડેબલ હાઉસીગ મુદા નં. ૧ થી ૩ ની સર્પૂણ તથા મુદા નં. ૪ થી ૭ ની આંશિક માહિતી માટે તથા જાહેર માહિતી અધિકારી અને નોડલ ઓફિસરશ્રી,CLSS સેલ તથા ડે.એકાઉન્ટન્ટ શ્રી(વેસ્ટ ઝોન)ને મુદ્દા નં.૬ થી ૭ ની આંશિક માહિતી માટે તબદીલ કરવામાં આવેલ. તેમજ અત્રેના ખાતાને લાગત માહિતી માટે એફોર્ડેબલ હાઉસીંગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીંગ સેલ)ના પત્ર નં એફો.હા.સેલ/૧૦૦૩ તા.૧૬/૦૯/૨૦૨૨ થી નીચે મુજબ નમુના–ગ થી અરજીના અનુસંધાનમાં માગેલ માહિતી પૈકી અત્રેના ખાતાને લાગત માહિતી વિગતવાર પુરી પાડવામાં આવેલ છે.

ઉપરોક્ત મુજબની પૂરી પાડવામાં આવેલ માહિતી સંદર્ભે અરજદાર દ્વારા અપીલ તબકકે આપેલ ફરીયાદ અરજી પર મુળ અરજીથી માંગવામાં આવેલ માહીતી સંદર્ભે મુદ્દા નં.૪ થી ૭ ની આંશિક અધુરી માહિતી પૂરી પાડેલ છે. અમોએ માંગેલ સંપૂર્ણ માહિતી પૂરી પાડેલ નથી. જેથી અમોએ માંગેલ સંપૂર્ણ માહિતી પૂરી પાડશો અને આજ દિન સુધી સંપૂર્ણ માહિતી ન પૂરી પાડનાર જાહેર માહિતી અધિકારી વિરુધ્ધ કાર્યવાહી કરશો. માંગેલ સંપૂર્ણ માહિતી પૂરી ન પાડી હોવાના કારણો તેમજ કલમ–૭(૬) હેઠળ વિનામૂલ્યે પૂરી પાડશો તેમ જણાવી પ્રથમ અપીલ દાખલ કરેલ છે.

પ્રથમ અપીલ કરી દાદ માંગેલ છે. જે લાગત રજુઆત બાબતે ખાતાકીય પૂર્તતા દર્શાવ્યા મુજબ છે.

| અપીલ તબકકે અરજદારની રજુઆત | લાગત મુદ્દાની ખાતાકીય પૂર્તતા |
|---|---|
| સદર જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા તા.૦૨.૦૯.૨૦૨૨ ના પત્ર થી બે જેટલા જાહેર માહિતી અધિકારીઓ ને મુદા નં. ૧ થી ૩ માટે અરજી તબદીલ કરેલ છે. ત્યારબાદ તા.૧૬.૦૯.૨૦૨૨ પત્ર થી મુદા નં. ૪ થી ૭ ની આંશિક અધૂરી માહિતી પૂરી પાડેલ છે, પરંતુ અમોએ માંગેલ સંપૂર્ણ માહિતી પૂરી પાડેલ નથી. જેથી અમોએ માંગેલ સંપૂર્ણ માહિતી પૂરી પડાવશો અને આજદિન સુધી સંપૂર્ણ | અરજદારે તેઓની મુળ અરજી તા.૨૫/૦૮/૨૦૨૨ના રોજ કરેલ આઈ.ડી.નં.૧૨૦૬ ( નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન)થી મુદા નં ૧ થી ૭ ની માહિતી માંગેલ. જે માહિતી સંદર્ભે એફોર્ડેબલ હાઉસીંગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) દ્વારા પત્ર નં એફો.હા.સેલ/૯૪૦ તા.૦૨/૦૯/૨૦૨૨ થી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી ડિપાર્ટમેન્ટ ઓફ એફોર્ડેબલ હાઉસીગ મુદા નં. ૧ થી ૩ ની સર્પૂણ તથા મુદા નં. ૪ થી ૭ ની આંશિક માહિતી માટે તથા જાહેર માહિતી અધિકારી અને નોડલ ઓફિસરશ્રી,CLSS સેલ તથા ડે.એકાઉન્ટન્ટ શ્રી(વેસ્ટ ઝોન)ને મુદ્દા નં.૬ થી ૭ ની આંશિક માહિતી માટે તબદીલ કરવામાં આવેલ. તેમજ અત્રેના ખાતાને લાગત માહિતી માટે એફોર્ડેબલ હાઉસીંગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીંગ સેલ)ના પત્ર નં એફો.હા.સેલ/૧૦૦૩ તા.૧૬/૦૯/૨૦૨૨ થી નીચે મુજબ નમુના–ગ થી તા.૦૧/૦૧/૨૦૧૯ થી તા.૨૫/૦૮/૨૦૨૨ સુધીમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાની અલગ અલગ યોજના વાઈઝ મળેલ અરજી ની વિગત, અલગ અલગ યોજના વાઈઝ કોમ્પ્યુટરાઈઝડ ડ્રો ની મંજુરીની તારીખ, ડ્રો તારીખ, ફાળવેલ આવાસની સંખ્યા ની વિગત, ઈનવેલીડ અરજીના લાભાર્થીઓને ચુકવવામાં આવેલ રીફંડની વિગત સહિતની વિગતવાર માહિતી પુરી પાડવામાં આવેલ છે. માંગવામાં આવેલ મકાન મંજુર થયેલ હોય કે નામંજુર થયેલ હોય તે બાબતેની માહિતીની વિગત ઉપરોક્ત પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મળેલ અરજીની વિગત, લાભાર્થીઓને ફાળવેલ આવાસની વિગત તેમજ કરવામાં આવેલ રીફંડ ના કોષ્ટકમાંથી આપ માંગેલ માહિતીનો સંદર્ભ મેળવી શકો છો.તેમ જણાવવામાં આવેલ છે. પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા બનાવવામાં આવેલ આવાસ ની કિંમત રાજય સરકાર અને કેન્દ્ર સરકારની સહાય બાદ કરીને રાખવામાં આવેલ છે રાજય સરકારશ્રી/કેન્દ્ર સરકારશ્રી તરફથી આવાસ યોજનાના લાભાર્થીઓ માટે અત્રેના ખાતાને સીધી નાણાકીય સહાય કે સબસીડી મળતી નથી કે ચૂકવણી |

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૯૫૫૧ | | એફોર્ડેબલ હાઉસીગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ધાસ્તીપુરા, સુરત–૩. |


| | |
|---|---|
| માહિતી ન પૂરી પાડનાર જાહેર માહિતી અધિકારી વિરુધ્ધ કાર્યવાહી કરશો. માંગેલ સંપૂર્ણ માહિતી પૂરી ન પાડી હોવાના કારણો તેમજ કલમ–૭(૬) હેઠળ વિનામૂલ્યે પૂરી પાડશો. | કરવામાં આવતી નથી જે આપશ્રીની જાણ માટે.<br>વધુમાં અરજદારને તેઓની પ્રથમ અપીલ અરજીમાં કરવામાં આવેલ રજુઆત સંદર્ભે એપેલેટ અધિકારી અને પર્સોનેલ ઓફિસર એફોર્ડેબલ હાઉસીગ સેલ ધ્વારા એફો.હા.સેલ.આ.નં.૧૧૫૯ તા.૧૮/૧૦/૨૦૨૨ થી તા.૨૧/૧૦/૨૦૨૨ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે રૂબરૂ સુનવણી રાખવામાં આવેલ હોય જેમા રૂબરૂ હાજર થવા અનુકુળતા કરવા વિનંતી કરવામાં આવેલ જે અન્વયે અરજદાર પોતાનો પક્ષ રજુ કરવા માટે ગેરહાજર રહયા હતા. તેમજ એફો.હા.સેલ.આ.નં.૧૨૦૩ તા.૨૮/૧૦/૨૦૨૨ થી યાદપત્ર–૧ ધ્વારા તા.૦૨/૧૧/૨૦૨૨ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે પુનઃ રૂબરૂ સુનવણી રાખવામાં આવેલ હોય જેમા રૂબરૂ હાજર થવા અનુકુળતા કરવા વિનંતી કરવામાં આવેલ જે અન્વયે પણ અરજદાર પોતાનો પક્ષ રજુ કરવા માટે ગેરહાજર રહયા હતા. |

**–: હુ કમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

ઉપરોકત હકીકત ધ્યાને લેતા મજકુર અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતી પરત્વે પ્રથમ અપીલ અરજીની વિગત ધ્યાને લેતા જે માંગેલ માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીગ સેલ) દ્વારા ખાતાને લાગત માહિતી માટે એફોર્ડેબલ હાઉસીગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીગ સેલ)ના પત્ર નં એફો.હા.સેલ/૧૦૦૩ તા.૧૬/૦૯/૨૦૨૨ થી નીચે મુજબ નમુના–ગ થી તા.૦૧/૦૧/૨૦૧૯ થી તા.૨૫/૦૮/૨૦૨૨ સુધીમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાની અલગ અલગ યોજના વાઈઝ મળેલ અરજી ની વિગત, અલગ અલગ યોજના વાઈઝ કોમ્પ્યુટરાઈઝડ ડ્રો ની મંજુરીની તારીખ, ડ્રો તારીખ, ફાળવેલ આવાસની સંખ્યા ની વિગત, ઈનવેલીડ અરજીના લાભાર્થીઓને ચુકવવામાં આવેલ રીફંડની વિગત સહિતની વિગતવાર માહિતી પુરી પાડવામાં આવેલ છે. માંગવામાં આવેલ મકાન મંજુર થયેલ હોય કે નામંજુર થયેલ હોય તે બાબતેની માહિતીની વિગત ઉપરોકત પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મળેલ અરજીની વિગત, લાભાર્થીઓને ફાળવેલ આવાસની વિગત તેમજ કરવામાં આવેલ રીફંડ ના કોષ્ટકમાંથી આપ માંગેલ માહિતીનો સંદર્ભ મેળવી શકો છો.તેમ જણાવવામાં આવેલ છે. પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા બનાવવામાં આવેલ આવાસ ની કિંમત રાજય સરકાર અને કેન્દ્ર સરકારની સહાય બાદ કરીને રાખવામાં આવેલ છે રાજય સરકારશ્રી/કેન્દ્ર સરકારશ્રી તરફથી આવાસ યોજનાના લાભાર્થીઓ માટે અત્રેના ખાતાને સીધી નાણાકીય સહાય કે સબસીડી મળતી નથી કે ચૂકવણી કરવામાં આવતી નથી જે આપશ્રીની જાણ માટે તેમ જણાવવામાં આવેલ છે. આમ અત્રેના ખાતાને લાગત માહિતી વિગતવાર પુરી પાડવામાં આવેલ છે.

વધુમાં અરજદારને તેઓની પ્રથમ અપીલ અરજીમાં કરવામાં આવેલ રજુઆત સંદર્ભે એપેલેટ અધિકારી અને પર્સોનેલ ઓફિસર એફોર્ડેબલ હાઉસીગ સેલ ધ્વારા એફો.હા.સેલ.આ.નં.૧૧૫૯ તા.૧૮/૧૦/૨૦૨૨ થી તા.૨૧/૧૦/૨૦૨૨ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે રૂબરૂ સુનવણી રાખવામાં આવેલ હોય જેમા રૂબરૂ હાજર થવા અનુકુળતા કરવા વિનંતી કરવામાં આવેલ. જે પત્ર તેઓના સરનામાના સ્થળે કચેરીના કર્મચારી ધ્વારા તા.૧૮/૧૦/૨૦૨૨ના રોજ અરજદાર સાથે તેમના મોબાઈલ નંબર ૯૭૨૭૨૮૯૩૪૩ ઉપર વાતચીત થયા મુજબે મોદી ઝેરોક્ષના દિપકભાઈને આપવા જણાવેલ જે મુજબ સાંજે ૬ઃ૦૦ કલાકે ટપાલબુક ઉપર તેઓની સહી મેળવી બજવણી કરવામાં આવેલ. ઉકત પત્ર સંદર્ભે પત્રમાં સુચવેલ તારીખ અને સમયે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેલ નથી કે અત્રેની કચેરીનો કોઈ સંપર્ક પણ કરેલ નથી. તેમજ એફો.હા.સેલ.આ.નં.૧૨૦૩ તા.૨૮/૧૦/૨૦૨૨ થી યાદપત્ર–૧ ધ્વારા તા.૦૨/૧૧/૨૦૨૨ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે પુનઃ રૂબરૂ સુનવણી રાખવામાં આવેલ હોય જેમા રૂબરૂ હાજર થવા અનુકુળતા કરવા વિનંતી કરવામાં આવેલ. જે પત્ર તેઓના સરનામાના સ્થળે તા.૨૮/૧૦/૨૦૨૨ ના રોજ અરજદાર સાથે તેમના મોબાઈલ નંબર ૯૭૨૭૨૮૯૩૪૩ ઉપર વાતચીત થયા મુજબ દુકાનમાં શટર ની અંદર નાખી દેવા જણાવ્યું. જે અનુસાર સાંજે ૬ઃ૦૪ કલાકે ટપાલની બજવણી કરેલ. ઉકત પત્ર સંદર્ભે પણ પત્રમાં સુચવેલ તારીખ અને સમયે પુનઃ રૂબરૂ સુનાવણીમાં હાજર રહેલ નથી કે અત્રેની કચેરીનો કોઈ સંપર્ક પણ કરેલ નથી. તા.૦૨/૧૧/૨૦૨૨ ના રોજ પુનઃ રૂબરૂ સુનવણી રાખવામાં આવેલ હોવાથી, સદર હુકમ કરવામાં વિલંબ થયેલ છે. તેમજ મુદા નં– ૭ અન્વયે પત્રવ્યવહાર, કચેરી દફતરમાં થયેલ નોંધ, નોંટિંગ રીપોર્ટની પ્રમાણિત નકલ વિનામૂલ્યે ફાળવવા જાહેર માહિતી અધિકારીને જણાવુ છું. આમ, સમગ્ર હકીકતો ધ્યાને લેતા સદર અપીલ અરજી સંદર્ભે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય કે વધુ કોઈ નકલો/દસ્તાવેજો પુરા પાડવાના રહેતા ન હોય જેથી સદર અપીલ અરજી અંગે ઉકત મુજબનો નિર્ણય કરવા જોગ હોય, જે નિર્ણય કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૯૫૫૧ | | એફોર્ડેબલ હાઉસીગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ઘાસ્તીપુરા, સુરત–૩. |

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજ્ય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

એફો.હા.સેલ. આ.નં./૧૨૧૭
તા. ૦૨/૧૧/૨૦૨૨

**(ડી. વી. દલાલ)**
**એપેલેટ અધિકારી અને**
**પર્સોનેલ ઓફીસર,**
**એફોર્ડેબલ હાઉસીંગ સેલ**

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફો.હા.સેલ) પ્રતિ…… જાણ માટે.
**નકલ રવાનાઃ** નોડલ ઓફિસરશ્રી (આર.ટી.આઈ.સેલ) પ્રતિ…. જાણ માટે.
**નકલ રવાનાઃ** શ્રી જસવંતસિંહ એ. બ્રહ્મભટ્ટ…….પ્રતિ…. જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૯૫૫૧ | | એફોર્ડેબલ હાઉસીગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ધાસ્તીપુરા, સુરત–૩. |

**અપીલ અરજી નં. ૦૫/૨૨–૨૩**

**અરજદાર :** શ્રી નરેશભાઈ સવજીભાઈ નાવડીયા
**સામાવાળા :** સેકશન ઓફીસર ( એફોર્ડેબલ હાઉસીગ સેલ ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદાર શ્રી નરેશભાઈ સવજીભાઈ નાવડીયાની આર.ટી.આઈ. એકટ હેઠળની તા.૦૧/૧૧/૨૦૨૨ ની અરજી માન. મ્યુનિ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને ઈ–મેઈલ ધ્વારા કરેલ. જે નં.સીએન/ઈમેઈલ/૪૦૦૫ તા.૦૩/૧૧/૨૦૨૨ થી એફોર્ડેબલ હાઉસીગ સેલને તા.૦૭/૧૧/૨૦૨૨ ના રોજ મળેલ. સદર અરજી આઈ.ડી.નં.–૪૫ (એફોર્ડેબલ હાઉસીગ સેલ) તા.૦૭–૧૧–૨૦૨૨ થી નોંધાયેલ મુદ્દા નં.૧ થી ૭ સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા. ૦૬/૦૧/૨૦૨૩ની અપીલ અરજી નં.**No.SMC/AFO/FAP/05/22-23.**

અરજદારશ્રી નરેશભાઈ સવજીભાઈ નાવડીયા તેઓની મુદા નં ૧ થી ૭ ની માહિતી માંગેલ મુળ અરજી તા.૦૧/૧૧/૨૦૨૨ના રોજ કરવામાં આવેલ. સદર અરજી અત્રેના વિભાગને નં એફો.હા.સેલ/ઈન. ૨૩૦૩ તા.૦૭/૧૧/૨૦૨૨ ના રોજ મળેલ જે અરજી આઈ.ડી.નં.૪૫ ( એફોર્ડેબલ હાઉસીગ સેલ) તા.૦૭/૧૧/૨૦૨૨ થી નોંધાયેલ. જે માહિતી સંદર્ભે એફોર્ડેબલ હાઉસીગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીગ સેલ) દ્વારા પત્ર નં એફો.હા.સેલ/૧૨૮૭ તા.૧૮/૧૧/૨૦૨૨ થી નમુનો–ખ મુજબ નકલ ફી રૂા. ૪૦/– ભરપાઈ કરવા પત્ર પાઠવવામાં આવેલ. અરજદાર ધ્વારા નકલ ફી ભરપાઈ કર્યા ની જાણ અત્રેના વિભાગને નં એફો.હા.સેલ/ઈન. ૩૯૦૯ તા.૨૯/૧૧/૨૦૨૨ ના રોજ થયેલ છે. જે અન્વયે અત્રેના ખાતાને લાગત માહિતી માટે એફોર્ડેબલ હાઉસીગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીગ સેલ)ના પત્ર નં એફો.હા.સેલ/૧૩૨૫ તા.૦૬/૧૨/૨૦૨૨ થી નીચે મુજબ નમુના–ગ થી માહિતી/પુર્તતા પુરી પાડવામાં આવેલ છે.

| | |
|---|---|
| મુદ્દા નં.૧ | અમો અરજદારે પ્રધાનમંત્રી આવાસ યોજના સ્કીમ (ફેઝ–૩,૪,૫) EWS-II/41 માં ફોર્મ નંબર–૨૪૦૩૬૦ થી અરજી કરેલ હતી. જે અરજી કયા કારણોસર ઈનવેલીડ કરેલ છે. તેની વિગતવાર માહિતી સહી સિકકાવાળી નકલ સાથે આપવી. |
| પુર્તતા | આપના દ્વારા માંગવામાં આવેલ ઉપરોકત માહિતી સંદર્ભે એફોર્ડેબલ હાઉસીગ વિભાગમાં પ્રધાનમંત્રી આવાસ યોજના (ફેઝ–૩,૪,૫) અંતર્ગત પુરુષ અરજદાર શ્રી નાવડીયા નરેશ સવજીભાઈ ભાઈ ધ્વારા ફોર્મ નંબર ૨૪૦૩૬૦ સ્કીમ નં. EWS-41 સુમન પ્રયાગ માટે ભરવામાં આવેલ. પ્રધાનમંત્રી આવાસ યોજના (ફેઝ–૩,૪,૫) ફોર્મ ના અનુક્રમ નંબર ૨૬ માં તેમજ સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના તા.૦૬/૦૭/૨૦૧૭ ના ઠરાવ નં. ૯૦૪/૨૦૧૭ જણાવ્યા મુજબ છેલ્લા ૧(એક) વર્ષ દરમ્યાન સુરત શહેરમાં વસવાટ અંગેનો પુરાવા રૂપે સુરત શહેરમાં રહેતા હોય તે સરનામાં સાથેનું ઈલેકશન કાર્ડ, ડ્રાઈવીગ લાઈસન્સ, આધારકાર્ડ, પાસપોર્ટ, મતદાર સ્લીપ એક વર્ષ જુનો પુરાવો (કોઈપણ એક) રજુ કરવાનો રહે છે. અરજદાર ધ્વારા ફોર્મ સાથે પુરાવાઓ રજુ કરવામાં આવેલ, જે પૈકી પુરુષ અરજદાર શ્રી નાવડીયા નરેશ સવજીભાઈ નો આધારકાર્ડ, પાન કાર્ડ, ઈલેકશન કાર્ડ પુરાવા રૂપે રજુ કરવામાં આવેલ છે. જેમાંથી છેલ્લા ૧(એક) વર્ષ દરમ્યાન સુરત શહેરમાં વસવાટ અંગેનો આધારભુત પુરાવો ન જણાતા આપની અરજી ઈનવેલીડ(રદ) કરવામાં આવેલ. તે બાબતનો સંદર્ભ પ્રધાનમંત્રી આવાસ યોજના (ફેઝ–૩,૪,૫) ફોર્મ ની નકલ આ સાથે સામેલ છે જેના અનુક્રમ નંબર ૨૬ માં જણાવ્યા મુજબ તેમજ સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના તા.૦૬/૦૭/૨૦૧૭ ના ઠરાવ નં. ૯૦૪/૨૦૧૭ ની નકલ આ સાથે સામેલ છે. જેમાંથી આપ માંગેલ માહિતીનો સંદર્ભ મેળવી શકો છો. તેમજ વેરાબીલની નકલ રજુ કરેલ નથી. તે બાબતનો સંદર્ભ પ્રધાનમંત્રી આવાસ યોજના (ફેઝ–૩,૪,૫) ફોર્મ ની નકલના અનુક્રમ નંબર ૧૬ માંથી મેળવી શકો છો. |
| મુદ્દા નં.૨ | પ્રધાનમંત્રી આવાસ યોજના સ્કીમ (ફેઝ–૩,૪,૫) EWS-II/41 માં કેટલા ફોર્મ ભરાયેલ અને તેમાંથી કેટલા ફોર્મ ઈનવેલીડ લીસ્ટમાં મુકેલ છે તેની વિગતો આપવી અને કયા નોટીફીકેશન કે ઠરાવ પ્રમાણે ફોર્મ ઈનવેલીડ કરેલ તે ઠરાવ/નોટીફીકેશનની નકલ આપવી. |

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૯૫૫૧ | | એફોર્ડેબલ હાઉસીગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ઘાસ્તીપુરા, સુરત–૩. |

| | |
|---|---|
| પુર્તતા | આપના દ્વારા માંગવામાં આવેલ ઉપરોકત માહિતી સંદર્ભે સુરત મહાનગરપાલિકા અંતર્ગત પ્રધાનમંત્રી આવાસ યોજના સ્કીમ (ફેઝ–૩,૪,૫) EWS-II/41 માં કુલ ૧૧૩૧૦ અરજી ફોર્મ ભરાયેલ જેમાંથી ૨૮૨૩ ફોર્મ ઈનવેલીડ થયેલ. તેમજ ઠરાવ/નોટીફીકેશનની નકલ બાબતે મુદ્દા નં.૧ ની પુર્તતામાં આપેલ પ્રધાનમંત્રી આવાસ યોજના (ફેઝ–૩,૪,૫) ફોર્મ ની નકલ તથા સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના તા.૦૬/૦૭/૨૦૧૭ ના ઠરાવ નં. ૯૦૪/૨૦૧૭ ની નકલ માંથી આપ માંગેલ માહિતીનો સંદર્ભ મેળવી શકો છો. |
| મુદ્દા નં.૩ | પ્રધાનમંત્રી આવાસ યોજનામાં અરજી કરવા માટેના માપદંડ (ધારા ધોરણ) ની વિગતો આપવી. તેના નિતી નિયમોની માહિતી આપવી. |
| પુર્તતા | આપના દ્વારા માંગવામાં આવેલ ઉપરોકત માહિતી સંદર્ભે મુદ્દા નં.૧ ની પુર્તતામાં આપેલ પ્રધાનમંત્રી આવાસ યોજના (ફેઝ–૩,૪,૫) ફોર્મ ની નકલ તથા સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના તા.૦૬/૦૭/૨૦૧૭ ના ઠરાવ નં. ૯૦૪/૨૦૧૭ ની નકલ માંથી આપ માંગેલ માહિતીનો સંદર્ભ મેળવી શકો છો. |
| મુદ્દા નં.૪ | જો કોઈ ફેમીલીમાં મુખ્ય મહિલાની ગેરહાજરી હોય તો તેના પતિ પ્રધાનમંત્રી આવાસ યોજનામાં અરજી કરી શકે કે નહી તેની વિગતો આપવી. |
| મુદ્દા નં.૫ | જો કોઈ ફેમીલીમાં મુખ્ય મહિલાની ગેરહાજરી હોય તો તેના પતિ પ્રધાનમંત્રી આવાસ યોજનામાં અરજી શા માટે ના કરી શકે તેની વિગતવાર માહિતી આપવી અને તે બાબતે કોઈ ઠરાવ હોય તો તેની માહિતી આપવી. |
| પુર્તતા<br>૪ અને ૫ | આપના ધ્વારા માંગવામાં આવેલ ઉપરોકત માહિતી પ્રશ્નાર્થ / અભિપ્રાય / મંતવ્ય સ્વરૂપની જણાય છે. તેમ છતા આપ મુદ્દા નં.૧ ની પુર્તતામાં આપેલ પ્રધાનમંત્રી આવાસ યોજના (ફેઝ–૩,૪,૫) ના ફોર્મની નકલ ના પાના નંબર–૧(એક) માંથી આપ માંગેલ માહિતીનો સંદર્ભ મેળવી શકો છો. |
| મુદ્દા નં.૬ | અમો અરજદારે પ્રધાનમંત્રી આવાસ યોજના સ્કીમ (ફેઝ–૩,૪,૫) EWS-II/41 માં ફોર્મ નંબર–૨૪૦૩૬૦ થી અરજી કરેલ હતી. જે અરજી ઈનવેલીડ ઠરાવેલ છે તો તે અરજીને વેલીડ કરવા માટેની પ્રોસેસ વિશે વિગતવાર માહિતી આપવી. |
| પુર્તતા | આપના દ્વારા માંગવામાં આવેલ ઉપરોકત માહિતી સંદર્ભે ઈનવેલીડ અરજીને વેલીડ કરવા અંગે કોઈ પ્રોસેસ કરવામાં આવેલ નથી જે જાણશો. |
| મુદ્દા નં.૭ | અમો અરજદારે પ્રધાનમંત્રી આવાસ યોજના સ્કીમ (ફેઝ–૩,૪,૫) EWS-II/41 માં ફોર્મ નંબર–૨૪૦૩૬૦ થી અરજી કરેલ હતી. તે માટે રૂ.૨૦,૦૦૦/– ની રકમનો ડિમાન્ડ ડ્રાફટ થી ડિપોઝીટ ભરેલ હતી. તે ડિપોઝીટની રકમ પરત મેળવવા માટેની પ્રોસેસની વિગતવાર માહિતી આપવી. |
| પુર્તતા | આપના દ્વારા માંગવામાં આવેલ ઉપરોકત માહિતી સંદર્ભે આપે ફોર્મ નંબર–૨૪૦૩૬૦ સાથે રજુ કરેલ આપની બેંક પાસબુકની નકલ ના આધારે માન.મ્યુનિ.કમિશ્નરશ્રીની મંજુરીથી ડીપોઝીટની રકમ રૂ. ૨૦,૦૦૦/– આપના બેંક ખાતામાં જમાં કરવામાં આવશે. જે જાણશો. |

ઉપરોક્ત મુજબની પૂરી પાડવામાં આવેલ માહિતી સંદર્ભે અરજદાર દ્વારા અપીલ તબકકે આપેલ ફરીયાદ અરજી પર મુળ અરજીથી માંગવામાં આવેલ માહીતી સંદર્ભે મુળ અરજીથી માંગવામાં આવેલ માહીતી (ક) જાહેર માહિતી અધિકારીને અરજી રજુ કર્યાના ૩૦ દિવસની અંદર કોઈ નિર્ણય મળેલ નથી. (ખ) જાહેર માહિતી અધિકારીના તા.૦૬/૧૨/૨૦૨૨ ના રોજ નિર્ણયથી નારાજ હોવાથી/અનિર્ણિત હોવાથી તેમજ અમોને અધુરી અને અયોગ્ય માહિતી આપવામાં આવેલ છે. તેમ જણાવી પ્રથમ અપીલ દાખલ કરેલ છે.

પ્રથમ અપીલ કરી દાદ માંગેલ છે. જે લાગત રજુઆત બાબતે ખાતાકીય પૂર્તતા દર્શાવ્યા મુજબ છે.

| **અપીલ તબકકે અરજદારની રજુઆત** | **લાગત મુદ્દાની ખાતાકીય પૂર્તતા** |
|---|---|
| (૧) અમોની EWS-II/41 માં ફોર્મ નંબર–૨૪૦૩૬૦ યોગ્ય હોવા છતા ઈનવેલીડ લીસ્ટમાં રાખી જે અરજીને યોગ્ય ઠેરવતો હુકમ ફરમાવશો.<br><br>(૨) અમોની EWS-II/41 ફોર્મ નંબર–૨૪૦૩૬૦ યોગ્ય ગણેલ હોત અને અમોને એફોર્ડેબલ હાઉસીગ સેલ દ્વારા કરવામાં આવેલ ડ્રો મા આવાસ મળવાની પુરી શકયતા રહેલી હોય અમો અરજદારને આવાસ ફાળવી આપવા માટે યોગ્ય હુકમ ફરમાવશોજી.<br><br>(૩) આપ સાહેબશ્રીને યોગ્ય અને મુનાસીબ લાગે તેવી વધારાની દાદ આપવા મહેરબાની કરશોજી. | અરજદારશ્રી નરેશભાઈ સવજીભાઈ નાવડીયા તેઓની મુદા નં ૧ થી ૭ ની માહિતી માંગેલ મુળ અરજી તા.૦૧/૧૧/૨૦૨૨ના રોજ કરવામાં આવેલ. સદર અરજી અત્રેના વિભાગને નં એફો.હા.સેલ/ઈન. ૨૩૦૩ તા.૦૭/૧૧/૨૦૨૨ ના રોજ મળેલ જે અરજી આઈ.ડી.નં.૪૫ ( એફોર્ડેબલ હાઉસીગ સેલ) તા.૦૭/૧૧/૨૦૨૨ થી નોંધાયેલ. અરજદાર ધ્વારા નકલ ફી ભરપાઈ કર્યા ની જાણ અત્રેના વિભાગને નં એફો.હા.સેલ/ઈન. ૩૯૦૯ તા.૨૯/૧૧/૨૦૨૨ ના રોજ થયેલ છે. જે માહિતી સંદર્ભે એફોર્ડેબલ હાઉસીગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીગ સેલ) દ્વારા પત્ર નં એફો.હા.સેલ/૧૩૨૫ તા.૦૬/૧૨/૨૦૨૨ થી નીચે મુજબ નમુના–ગ થી માહિતી/પુર્તતા નિયમાનુસાર પુરી પાડવામાં આવેલ છે.<br><br>આવાસ યોજનાના નિતી–નિયમો તથા ઠરાવની વિગત ધ્યાને લઈ ફોર્મ બહાર પાડવામાં આવેલ. આપના ધ્વારા ફોર્મ સાથે પુરાવાઓ રજુ કરવામાં આવેલ, જે પૈકી પુરુષ અરજદાર શ્રી નાવડીયા નરેશ સવજીભાઈ નો આધારકાર્ડ, પાન કાર્ડ, ઈલેકશન કાર્ડ પુરાવા રૂપે રજુ કરવામાં આવેલ છે. જેમાંથી છેલ્લા ૧(એક) વર્ષ દરમ્યાન સુરત શહેરમાં વસવાટ અંગેનો આધારભુત પુરાવો ન જણાતા આપની અરજી ઈનવેલીડ(રદ) કરવામાં આવેલ. તે બાબતનો સંદર્ભ પ્રધાનમંત્રી આવાસ યોજના (ફેઝ–૩,૪,૫) ફોર્મ ની નકલના અનુક્રમ નંબર ૨૬ માં જણાવ્યા મુજબ તેમજ સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના તા.૦૬/૦૭/૨૦૧૭ ના ઠરાવ નં. ૯૦૪/૨૦૧૭ ની નકલ પૂરી પાડવામાં આવેલ છે. જેમાંથી આપ માંગેલ માહિતીનો સંદર્ભ મેળવી શકો છો. તેમજ વેરાબીલની નકલ રજુ કરેલ નથી. તે બાબતનો સંદર્ભ પ્રધાનમંત્રી આવાસ યોજના (ફેઝ–૩,૪,૫) ફોર્મ ની નકલના અનુક્રમ નંબર ૧૬ માંથી મેળવી શકો છો. તેમ જણાવવામાં આવેલ છે. વધુમાં ફોર્મમાં જણાવેલ શરત નં.૨૧ મુજબ અરજીપત્રકમાં દર્શાવેલ પુરાવાઓ અરજીપત્રક સાથે રજુ ન કરશે અથવા અધુરા પુરાવા સાથે જમા કરવામાં આવશે તો તેવા અરજીપત્રક રદ થવાને પાત્ર રહેશે. જે ધ્યાને લઈ આપની અપીલ તબકકેની રજુઆત ધ્યાને લેવા જોગ જણાતી નથી. |

**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

ઉપરોક્ત હકીકત ધ્યાને લેતા મજકુર અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતી પરત્વે પ્રથમ અપીલ અરજીની વિગત ધ્યાને લેતા જે માંગેલ માહિતી સંદર્ભે ખાતાને લાગત માહિતી માટે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરના પત્ર નં. એફો.હા.સેલ/આ.નં.૧૩૨૫ તા.૦૬/૧૨/૨૦૨૨ ના રોજ નમુનો–ગ થી અત્રેના ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લઈ માહિતી/પુર્તતા આપવામાં આવેલ જે પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા સમયમર્યાદામાં, યોગ્ય અને નિયમાનુંસારની જણાતી હોય, આવાસ યોજનાના નિતી–નિયમો તથા ઠરાવની વિગત ધ્યાને લઈ ફોર્મ બહાર પાડવામાં આવેલ છે. જે ધ્યાને લઈ અરજદારની અપીલ તબકકેની અરજદારની રજુઆત ધ્યાને લેવા જોગ જણાતી ન હોય, આમ, અપીલ તબકકેની રજુઆતમાં જણાવેલ માંગવામાં આવેલ કોઈ પણ માહિતી પુરી પાડવાની કે કાર્યવાહી કરવાનું જરુરી જણાતુ નહી હોય આમ, અપીલ અંગે વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોય તે દફતરે કરી નિકાલ કરવામાં આવે છે.

| | | | |
|---|---|---|---|
| | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૯૫૫૧ | | એફોર્ડેબલ હાઉસીગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ઘાસ્તીપુરા, સુરત–૩. |

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

એફો.હા.સેલ. આ.નં./૧૬૯૭
તા.૨૫/૦૧/૨૦૨૩

**(ડી. વી. દલાલ)**
**એપેલેટ અધિકારી અને**
**પર્સોનેલ ઓફીસર,**
**એફોર્ડેબલ હાઉસીંગ સેલ**

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફો.હા.સેલ) પ્રતિ...... જાણ માટે.
**નકલ રવાનાઃ** શ્રી નરેશભાઈ સવજીભાઈ નાવડીયા.......પ્રતિ.... જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૯૫૫૧ | | એફોર્ડેબલ હાઉસીગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ઘાસ્તીપુરા, સુરત–૩. |